ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ
રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૨/કવા–૦૩/૧૮–૧૯/ 3848-2 તા.06-06-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ડોક્ટર શિલ્પા લાઠીયા,
શ્રદ્ધા ક્લિનિક, વાસુદેવ વિદ્યાલયની સામે
પુનિત નગર મેઇન રોડ,
150 ફૂટ રીંગ રોડ,
વાવડી રાજકોટ Pin-360004
મો:955 8000 ૬૭૭

**વિષય :–મકાન ઉપરથી પસાર થતાં વિજતાર બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૯૨/કવા–૦૩/૧૮–૧૯ )**

**શ્રીમાન,**

આપશ્રી દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામા આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ**
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ**

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૯૨/કવા–૦૩/૧૮–૧૯/** તા. 06-06-19

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ,રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૯૨/કવા–૦૩/૧૮–૧૯

| | |
|---|---|
| અરજદાર: | ડોક્ટર શિલ્પા લાઠીયા ગામ: રાજકોટ |
| રજૂઆત કરનાર: | અરજદાર હાજર રહેલ નથી. |

## :: વિરુધ્ધ ::

| | |
|---|---|
| **સામાવાળા:** | કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – **શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ** |
| **રજૂઆત કરનાર:** | કાર્યપાલક ઈજનેર શ્રી એચ. બી. પરમાર - રાજકોટ શહેર-૩ |

## :: ફોરમ ::

૧) કા.વા.ચેરપર્સન -શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - કોકિલાબેન જે. મોટાણી
૩) મેમ્બર ટેકનીકલ – એન.ડી.ધામેલીયા

| | |
|---|---|
| **સુનાવણી સ્થળ:** | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ |
| **તારીખ:** | ૨૮-૦૫-૨૦૧૯ ( મંગળવાર) |

૧.૦ સદર કેઈસ ની સુનાવણી તા.૩૦–૦૩–૧૯, તા.૧૬–૦૪–૧૯, ના રોજ રાખવામા આવેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ ન હતા. ત્યારબાદ, અરજદાર ને સાંભળવા માટે વધુ એક તક ના અનુસંધાને તા.૨૮–૦૫–૧૯ ના રોજ કેઈસ ની સુનવણી રાખેલ હતી, જેમા અરજદાર હાજર રહેલ ન હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર ડોક્ટર શિલ્પા લાઠીયા, ગામ:રાજકોટ તેઓની અરજી ના નોંધણી નંબર :૯૨/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે,તેઓ ગ્રાહક નં. ૩૪૫૮૨/૦૦૦૦૩/૭, ૩૪૫૮૨/૦૦૦૦૫/૩, ૩૪૫૮૨/૦૦૦૦૭/૦, ૩૪૫૮૨/૦૦૦૦૮/૮, ૩૪૫૮૨/૦૦૦૦૪/૫, ૩૪૫૮૨/૦૦૦૦૬/૧ થી વાવડી પેટા વિભાગીય કચેરી હેઠળ જોડાણો ધરાવે છે. થાંભલા નંબર : પીએનએફ / ડીપી ૦૬/ જી૦૧૬ થી એલ.ટી. વીજલાઈન તેઓના મકાન પરથી પસાર થાય છે. જે ખૂબજ જોખમી અને અકસ્માત થવાની પૂરેપૂરી શકયતા છે, સદર બાબતે – તેઓએ વાવડી પેટા વિભાગીય કચેરી માં રજુઆત કરેલ – તે અન્વયે અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદાર ની રજૂઆત અન્વયે – પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર દ્વારા વારંવાર જુદા જુદા સરકારી વિભાગો માં અરજીઓ કરવામાં આવતા ઉપરી અધિકારીની સ્થળ વિઝીટ મુજબ વાવડી પેટા વિભાગીય કચેરીને આપવામાં આવેલ સુચના પ્રમાણે અરજદારની રજૂઆત મુજબ રસ્તાની સામેની બાજુએ એક નવો સિમેન્ટ પોલ ઉભો કરી નડતરરૂપ વિજવાયરોને શિફ્ટ કરી દેવામાં આવેલ છે. આમ અરજદારની સમસ્યાનું નિવારણ થયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે કરેલ લેખીત રજુઆત તથા સામાવાળાની રજુઆત અને રજુ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ કમિટી તરફથી નીચે મુજબ નો નિર્ણય કરાયેલ છે.

૪.૧ સદર કેઈસ મા, ઉપરોક્ત મુદદા નં. ૧.૦ મુજબ ની વિગતે અરજદાર શ્રી ને પુરતી તકો આપેલ હોવા છતા – તેઓ એક પણ ફોરમ કમિટી ની મીટીગમા હાજર રહેલ ન હતા.

૪.૨ અરજદાર ની રજુઆત મુદદા નં. ૨.૦ મુજબ ની વિગતે – ઉપરોક્ત મુદદા નં. ૩.૦ મુજબ ની વિગતે – પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નડતરરૂપ વીજવાયર ને સલામતી ના કારણોસર કંપની ના ખર્ચે શીફ્ટ કરી આપેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે.

૪.૩ અરજદાર ની ફરીયાદ નો આ તબ્બકે નિકાલ કરવામા આવે છે.

| (શ્રીમતી કે. જે. મોટાણી) | (એન. ડી. ધામેલીયા) | (જે.બી.પારેખ) |
|---|---|---|
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેક) | કા.વા.ચેરપર્સન |

**નોંધ:**

**(૧)** **અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.**

**(૨)** **ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.**

**(3)** **લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯**

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot